**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૬ ટકા

# સ્વપ્રસિધ્ધિ માટે માર્ગદર્શક બનેલા શિક્ષકનું જાહેરમાં સન્માન કરતી યુવતી!!

**વર્ષ ૨૦૧૯માં નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડમાં સામેલ થઈ હતી સે-૨૭ની પ્રિયંકા પરમાર : શિક્ષક દિન નિમિત્તે 'ગુરૂ' સાથે મળીને જરૂરિયાતમંદોમાં માસ્ક વિતરણ કર્યું : વિવિધ સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર પ્રિયંકા સ્પોર્ટસ ક્ષેત્રે પણ રાજયકક્ષાએ રમી ચુકી છે**

ગાંધીનગર, તા.૪

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂનું મહત્વ અનેરું છે અને ગુરૂ એટલે કે શિક્ષક જ વ્યકિતને જીવનમાં યોગ્ય દિશા ચિંધે છે, વ્યકિતના કૌશલ્યને ઓળખી નિખારે છે અને સાચું માર્ગદર્શન આપે છે. આ કારણે શિક્ષક પૂજનીય ગણાય છે અને ભારતમાં તા. ૫મી સપ્ટેમ્બરને રાષ્ટ્રીય શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે શાળા-કોલેજોમાં શિક્ષક દિવસની ઉજવણી કોરોના મહામારીના કારણે ઓનલાઈન થવાની છે જેમાં વિદ્યાર્થીઓ પોતાના શિક્ષક વિશે લખાણ લખી તેની સાથે 'સેલ્ફી' પોસ્ટ કરશે. જો કે ગાંધીનગરના સેકટર-૨ની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની એનએસએસ થકી જે ગત વર્ષે પ્રજાસત્તાક દિને નવી દિલ્હી ખાતે રાજપથ પર યોજાતી પરેડમાં સામેલ થઈ હતી તેણે પોતાને આ સ્થાને પહોંચાડનાર ગુરૂનું આજે શિક્ષક દિનના અનુસંધાનમાં પૂજન કર્યું હતું તેમજ ગુરૂ સાથે મળીને તેણે જરૂરિયાતમંદ શ્રમિક પરિવારોના બાળકોને માસ્કનું વિતરણ પણ કર્યું હતું.



ગાંધીનગરના સેકટર-૨૭માં રહેતી પ્રિયંકા પરમાર ત્રણ વર્ષની અથાગ મહેનતના અંતે વર્ષ ૨૦૧૯માં પ્રજાસત્તાક દિનની નવી દિલ્હી ખાતે યોજાતી પરેડમાં સામેલ થવા પસંદગી પામી હતી અને આ ગૌરવપ્રદ ક્ષણને તે જીવનનું સૌથી મોટું સૌભાગ્ય માને છે તેથી આ સ્થાને પહોંચવા માટે તેને જેનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું તેવા કોલેજના એનએનએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી પ્રત્યે પોતાનો અહોભાવ વ્યકત કરવા તેણે અનોખો રસ્તો અજમાવ્યો હતો. તેણે પોતાના ગુરૂ સાથે મળીને સેકટર-૨૩માં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોના બાળકો સાથે સમય વિતાવી તેમને માસ્કનું વિતરણ કર્યું હતું તેમજ આ બાળકોમાં પણ ગુરૂ પ્રત્યે આદરભાવના કેળવાય તે હેતુથી બાળકો સમક્ષ જ પોતાના ગુરૂનું પૂજન કરી વંદના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬થી એનએનએસ સાથે સંકળાયેલી પ્રિયંકા પરમારની વર્ષ ૨૦૧૯માં પ્રજાસત્તાક દિનની પરેડ માટે રાજયભરમાંથી પસંદ કરવામાં આવેલા ૨૦૦ સ્વયંસેવકો પૈકી જે આખરે ૧૨ સ્વયંસેવકોની પસંદગી થાય તેમાં તેણે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. પ્રજાસત્તાક દિનની પરેડ એટલે કે આરડીસી પહેલાં તેણે પ્રિ-આરડી માટે પસંદગી પામીને નાગપુર કેમ્પમાં તાલીમ મેળવી હતી. આ કેમ્પમાં તેણે પરેડ સુધારવાથી માંડીને વિવિધ એકિટવિટીઝમાં ભાગ લેવા પર ધ્યાન કેન્દ્રિત કરી આરડીસીમાં સામેલ થવાની સિધ્ધિ મેળવી હતી.

## શિક્ષક દિન વિશેષ

### વડાપ્રધાને સેલ્યુટ કરી ત્યારે ગર્વ અનુભવાયો...!!

**પ્રજાસત્તાક દિનની પરેડમાં સામેલ થવું પોતાનું એક સ્વપ્ર હતું તેવું જણાવતા પ્રિયંકા કહે છે કે 'એનએસએસના કારણે તેના જીવનમાં શિસ્ત અને આત્મવિશ્વાસમાં વધારો થયો છે.' હાલ તે એમકોમનો અભ્યાસ કરી રહી છે અને ત્યારબાદ જીપીએસસી પાસ કરીને તેને પોલીસ ઈન્સ્પેકટર બનવું છે. આ માટે તે દરરોજ ૧૬૦૦ મીટર રનીંગ પણ કરે છે. પ્રિયંકાને બાળપણથી જ જીવનમાં કંઈક અલગ કરવું તેવું પસંદ હતું તે કહે છે કે 'જયારે અમે પરેડ કરતા કરતા વડાપ્રધાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અમે સેલ્યુટ કરી જેના જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સેલ્યુટ કરતા ખૂબ જ ગર્વ અનુભવાયો હતો.' પ્રિયંકા પોતાની પ્રેરણાનો સ્ત્રોત પોતાના પિતાને માને છે.**



સરકારના પીડબલ્યુડી વિભાગમાંથી નિવૃત્ત થયેલા રમણલાલ પરમાર અને તેમના પત્ની પુષ્પાબેનની દિકરી પ્રિયંકાએ પોતાના એનએનએસના કાર્યકાળ દરમિયાન સોલૈયા ગામે બે કેમ્પમાં સામેલ થઈને વિવિધ સામાજિક અને પર્યાવરણ જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓ જેવી કે વૃક્ષારોપણ, પક્ષીપરબ વિતરણ, સ્વચ્છતા અભિયાન, તમાકુ મુકિત ગામ, વ્યસન મુકિત, ડિજીટલ ઈન્ડિયા અંતર્ગત કેશલેસ જાગૃતિ અભિયાનમાં મહત્વની સેવા આપી ચુકી છે. પ્રિયંકા સ્પોર્ટસ ક્ષાત્રે એથ્લેટિકસ અને વોલીબોલની રમતમાં રાજયકક્ષાએ રમી ચુકી છે અને



મેડલ જીતી ચુકી છે. આ ઉપરાંત તેને ગરબા ખૂબ જ પસંદ છે અને શહેરમાં નવરાત્રિ દરમિયાન અનેક ઈનામો પણ જીતી ચુકી છે. આરડીસી દરમિયાન નવી દિલ્હી ખાતેના એક માસના રોકાણ દરમયાન તેણે ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરતા ગરબો, આદિવાસી નૃત્ય, મરાઠી નૃત્ય, બેડા ગરબો, નાટક, પિરામીડ, માઈમ, સ્કીટ વગેરેમાં પરફોર્મન્સ આપી ચુકી છે અને ગરબાની કોરિયાગ્રાફ પણ કરતી હતી તે ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુના નિવાસસ્થાને તેમની મુલાકાત લઈ ચુકી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ તથા સ્ટન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે શહેરનું ગૌરવ વધારવા બદલ પ્રિયંકા પરમારનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સમાજ દ્વારા મહિલા દિને સન્માન કરવામાં આવ્યું હતું.

# ઈ-વેસ્ટ કલેકશનમાં શહેરની અગ્રણી સંસ્થાઓ પણ જોડાઈ

ગાંધીનગર, તા.૪

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ સેન્ડ ટેકનોલોજી, નિસર્ગ સાયન્સ સેન્ટર તથા ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ કમ્પની દ્વારા હાલ ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન ચાલી રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦:૩૦ થી ૪:૩૦ કલાક દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧,ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, લગ્નવાડી પાસે, ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ કલેક્શન થઈ રહ્યું છે.



આ અભિયાનમાં ગાંધીનગર શહેર વસાહત ગાંધીનગરની જાણીતી સંસ્થા મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચે શહેરના નાગરિકોને ઈ-વેસ્ટ જમા કરાવવા અપીલ કરી છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ આ અભિયાનમાં જોડાઈ છે. લાયન્સ કલબ ફેમીનાનાં પ્રમુખ મમતાબેન રાવલે પણ કલબની બહેનોને આ અભિયાનમાં જોડ્યા છે. તારીખ ૧૨ સપ્ટેમ્બરના રોજ લાયન્સ કલબ ફેમિનાના સભ્યો મોટા પ્રમાણમાં ઈ-વેસ્ટ જમા કરાવશે.

આપણા ઘરમાં બિન ઉપયોગી સાધનો જેવા કે જુના ટીવી, બગડેલા મોબાઈલ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, એસી, સ્પીકર જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો યોગ્ય નિકાલ કરવો ખુબ જ જરૂરી છે. આવો કચરો પર્યાવરણને નુકશાન કરતો હોય છે. સરકાર માન્ય ઈ-વેસ્ટ કલેકશન કરતી એજન્સી આ કચરાને લે છે અને તેનું યોગ્ય વળતર પણ સ્થળ પર જ આપે છે. ગાંધીનગરના જાગૃત નાગરિકોને તારીખ ૬ સપ્ટેમ્બર તથા ૧૩ સપ્ટેમ્બરના રોજ પોતાનો ઈ-વેસ્ટ જમા કરાવવા અપીલ કરવામાં આવે છે.



સેકટર-૫ યોગ પરિવાર દ્વારા કલહરી માતાજીના મંદિરે આરતી, પૂજા અને મહામૃત્યુંજય જાપનું સભ્યો દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહાનગરપાલિકા વોર્ડ નં.૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ, યોગ ગ્રુપના અગ્રણી સુરેન્દ્રસિંહ વાઘેલા હાજર રહ્યા હતા. ગાંધીનગરથી અંબાજી સાયકલ લઈ દર્શનાર્થે ગયેલા સિનિયર સિટિઝન વાસુદેવભાઈ સુથાર, ગોવિંદભાઈ પટેલ અને તેમની ટીમનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

# ફાયર આવાસ ફાળવણી મુદે મનપાના વિપક્ષ નેતાની તપાસ માટે માંગ

**ફાયરના મકાનોથી કર્મચારીઓ વંચિત : સેકટરમાં ફાયર જવાનો વધુ ભાડું ચુકવી રહેવા મજબુર**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ ખાતે ફાયર બ્રિગેડની જુની ઈમારત તોડીને તે સ્થાને નવીન ફાયર સ્ટેશન અને ફાયરના કર્મચારીઓ માટે સ્ટેશનમાં જ નવીન અદ્યતન મકાન તૈયાર કરાયા છે. પરંતુ ફાયરના મકાનની ફાળવણીમાં કોઈ ગ્રહ નડતો હોય તેમ લાગી રહ્યું છે. ફાયરના મકાનોને લઈ મનપામાં રાજરમત રમાતી હોય તેમ લાગી રહ્યું છે. આ રાત દિવસ જોયા વિના કામ કરતા કર્મનિષ્ઠ ફાયર જવાનોના મકાન પર અન્ય કર્મચારીઓની આંખ ઠરી છે. ત્યારે ફાયરના નવનિર્મિત મકાન ફાયર જવાનોને તાત્કાલીક ધોરણે તંત્ર દ્વારા ફાળવવામાં આવે તે માટે મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ડે.મુખ્યમંત્રી નિતિન પટેલ, મંત્રી કૌશીકભાઈ પટેલ અને મનપા કમિશનરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

ગાંધીનગર ફાયર બ્રિગેડની સેવા સેકટર-૧૭ ખાતે વર્ષ ૧૯૮૭ થી કાર્યરત છે. ફાયર ઓફિસર માટે અલાયદું મકાન અને ફાયર સ્ટાફ માટે કવાટર્સ બનાવ્યા હતા. ફાયર આકસ્મિક સેવા હોવાથી ફાયર સ્ટાફના કર્મચારીઓને કેમ્પસમાં જ આવાસો ફાળવવામાં આવે છે અન્ય વિભાગના કર્મચારીઓને આ મકાન ફાળવવામાં આવતા નથી. ત્યારે હાલના સમયે ફાયર સ્ટેશનના જુની ઈમારત તોડીને નવી બિલ્ડીંગ તૈયાર થઈ રહી છે. જેમાં ફાયર સ્ટેશન, કોર્પોરેશનનું બિલ્ડીંગ તેમજ ફાયરના કર્મચારીઓ માટે મકાન તૈયાર થઈ ગયા છે. નવા મકાન ફાયર કર્મચારીઓને ફાળવવામાં આવતા નથી અને કર્મચારીઓને અન્ય સેકટરમાં મકાનના તોંતિગ ભાડા ભરવા પડે છે. ફાયરના જવાનોને નોકરીની સિનિયોરીટીને ધ્યાને લઈ મકાનની ફાળવણી થતી હોય છે. માનવસર્જીત કે કુદરતી આફતમાં પોતાના જીવને ઝોખમમાં મુકીને જવાનો કામગીરી કરે છે. ત્યારે ફાયરના જવાનોને મકાન નહી આપીને અન્યાય થઈ રહ્યો છે. મનપાની સ્ટે.કમિટીમાં પણ ફાયરના જવાનોને મકાન આપવા માટે ઠરાવ થયેલો છે પરંતુ તેની અવગણના થઈ રહી છે. ફાયર કોન્ટ્રાકટરે સીટી ઈજનેરને ફાયર બ્રિગેડના કવાટર્સ તૈયાર થઈ ગયાની જાણ કરી દીધી છે. મનપાના અધિકારીઓએ સ્થળ તપાસ કરતા રોડ ન હોવાનું બહાનું આગળ ધરીને કવાટર્સ ફાળવણીનો મુદ્દો અભેરાઈ ચડાવી દીધો છે. પરંતુ હકીકતમાં આ જગ્યાએ ૧૩ વ્યકતિઓ વસવાટ કરી રહ્યા છે અને તેઓ કાદવ-કિચડવાળા રોડનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે ફાયરના મકાનોની ફાળવણી મુદે મનપાના વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આ ગેરરીતી બાબતે તપાસ કરવા ડે.સીએમ.સમક્ષ માંગ કરી છે.

# લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા બ્રાહ્મણ પરિવારોનો બ્રાહ્મણાભિવાદનમ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૪

ભાદરવા મહિનાના શ્રાધ્ધની શરૂઆત થઈ ગઈ છે. શ્રાધ્ધના સમયમાં બ્રાહ્મણોને જમાડવાનું પણ મહત્વ શાસ્ત્રોમાં જણાવાયું છે. પરંતુ હાલ કોરોનાના સમયમાં સમૂહ ભોજન શકય નથી ત્યારે આર્થિક મંદિના આ સમયમાં કર્મકાંડ કે સામાન્ય રોજગારીથી ગુજરાન કરતા બ્રાહ્મણ પરિવારોને મદદરૂપ થવા લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા બ્રાહ્મણાભિવાદનમ્ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રાધ્ધ પક્ષ અન્વયે યોજાયેલા આ કાર્યક્રમમાં સીધુ સ્વરૂપે અનાજ સાથે ઘી, તેલ, ચા, ખાંડ, શાક, ગોળ તથા અલ્પાહારથી બ્રાહ્મણોને નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૮૦ જેટલા બ્રાહ્મણ પરિવારોને આવરી લેવાયા હતા. અરવિંદ કેન્દ્ર ખાતે યોજોલ આ અભિવાદન કાર્યક્રમમાં સ્તોત્ર પઠન અને ધૂન બોલાવવા સાથે વિધિસર રીતે યજમાન તથા પ્રોજેકટ ચેરમેન ઈલાબેન જોષી અને પ્રમુખ મમલાબેન રાવલને બ્રાહ્મણ મહારાજ દ્વારા સંકલ્પ મુકાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સેક્રેટરી દક્ષા જાદવ, ખજાનચી આરતી ભટ્ટ, જાગૃતિ વ્યાસ, મનિષા પટેલ, મનિષા ત્રિપાઠી, ભૂમિ જોગાણી, કુંજલ દાસ, કુસુમ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

# છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

પેથાપુર પોલીસ મથક ખાતે નોંધાયેલ અપહરણ કેસમાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પીઆઈ જે.જી.વાઘેલના માર્ગદર્શનમાં ટીમના સભ્યો કાર્યરત હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ અનુપસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે રાંધેજા થી માણસા જવાના માર્ગ પરથી યોગેશ શ્યામભાઈ સીંધી (રહે.૨૦ દેવસ્ય બંગ્લોઝ ગાંધીનગર માણસા માર્ગ)ને પકડી પાડ્યો હતો. તે તા.૧૨-૬-૧૯ના રોજ પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાંથી ૧૭ વર્ષીય સગીરાને ભગાડી ગયો હોવાનું ધ્યાને આવતા પોલીસ મથકે ફરીયાદ પણ દાખલ થઈ હતી

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખમાં ખજાનચી તરીકે દિવ્યાબેન પંડયા નિમાયા

ગાંધીનગર, તા.૪

ચાલુ વર્ષે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગરની કમિટિના હોદ્દેદારોની સર્વાનુમતે વરણીમાં પ્રમુખ, મહામંત્રી અને ખજાનચી તરીકે નિમણુંક કરાઈ હતી. જેમાં ખજાનચી તરીકે



દિવ્યાબેન પંડયાની નિયુકિત કરવામાં આવી છે. નવનિયુકિત હોદેદારોને સ્નેહીજનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર સજનબેન ભરતજી, ઉ.વ. ૪૦, ઓગણજ, તા. દસક્રોઈ
- સ્વ. ધીરેન્દ્રકુમાર ચંદુલાલ ઉપાધ્યાય, ઉ.વ. ૬૬, સેકટર-૨, ગાંધીનગર

# મૃતકના સ્નેહીઓના આંસુ લુછવા ડિજીટલ પ્રાર્થનાનો નવતર ટ્રેન્ડ આશીર્વાદરૂપ

**કોરોનાના કપરાકાળમાં મૃતકને શ્રધ્ધાંજલી અર્પવા યોજાતી ઓનલાઈન પ્રાર્થનાસભામાં સગા સંબંધીઓ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં જોડાઈ શકે છે**

ગાંધીનગર, તા.૪

કોરોનાની મહામારીને કારણે જાહેર મેળાવડા, શુભપ્રસંગે કે મરણોત્તર પ્રસંગે ભેગા થવું હવે શકય નથી ત્યારે જયારે એક પરિવારના સભ્યની તબિયત ખરાબ થાય કે શહેરથી દૂર હોય ત્યારે પરિવારજનોને તે મળી શકતા નથી ત્યારે ઓનલાઈન વિડીયો કોલ દ્વારા જ વાતચીત થઈ જતી હોય છે કે એકબીજાના ખબર પુછાઈ જાય છે. પરંતુ હાલના દિવસોમાં જયારે મરણ થાય છે અને તે પણ જો કોરોનાના કારણોસર મરણ થાય છે ત્યારે તો પરિસ્થિતિ વધુ મુશ્કેલીવાળી હોય છે. મરણ થનાર વ્યકિતનું આખું ઘર કોરોનાગ્રસ્ત અથવા તો કવોરન્ટાઈન હોય છે ત્યારે ૧૨ દિવસે થતી સામુહિક પ્રાર્થના હવે ઘરઘરાઉ કુટુંબીજનો દ્વારા પણ ભેગા મળીને થઈ શકતી નથી ત્યારે ઈન્ટરનેટના માધ્યમથી ચાલતી ઓનલાઈન એપ્લીકેશન દ્વારા વિડીયોકોલ મારફતે અથવા તો ઝુમ એપ્લીકેશન કે જીઓ મીટીંગ એપ્લીકેશન દ્વારા પરીવારજનો ભેગા થઈ પ્રાર્થના કરી શકે છે. જે




ઘરમાં મરણ થયું છે ત્યાં દીવાબત્તી થાય છે બાકી વિડીયોકોલમાં જોડાયેલ તમામ ભગવાનનો ફોટો પોતાની સમક્ષ રાખી સમૂહ વિડીયો પ્રાર્થના કરે છે. આમાં પોઝીટીવ વાત તો એ છે કે આ રીતે એક ગામ, શહેર, રાજય કે દેશના નહિ પણ વિદેશના કુટુંબીજનો પણ જોડાઈ શકે છે અને મરણોત્તર થતી પ્રાર્થનાનો બારે બાર દિવસ લાભ લઈ શકે છે. જાણવામાં આવ્યું છે કે આ ઓનલાઈન પ્રાર્થનાસભાને કારણે જયારે કોરોના નહતો ત્યારે સમક્ષ રહી મરણોત્તર પ્રાર્થના કરવા પરિવારજનો ભેગા નહોતા થઈ શકતા તે કરતા પણ વધુ પરિવારજનો હાલ ઓનલાઈન પ્રાર્થનાસભામાં જોડાઈ શકે છે. કારણ કે વર્કપ્લેસ કે ઘર ગમે ત્યાં બેઠેલ વ્યકિત આ સભામાં ઓનલાઈન જોડાઈ શકે છે. અને આ નોંધનીય બાબત છે કે હવે રૂબરૂ મળીને લાગણી કે દુઃખ વ્યકત કે શેર કરવા કરતા ડિજીટલ માધ્યમથી લાગણી કે દુઃખ શેર કરવાનો ટ્રેન્ડ તથા અનુકુળતા વધી છે.